# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ** સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૨.૦૮.૨૦૨૧ નું જાહેરનામું ..

## પરિપત્ર

" મહોરમ (આશૂરા)" ની રજા જાહેર કરવા અંગે...

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીએ તા.૨૮.૧૦.૨૦૨૦ના જાહેરનામાથી મહોરમ (આશૂરા) ની રજા તા.૧૯/૦૮/૨૦૨૧ ને ગુરૂવાર જાહેર કરેલ હતી. જે ઉકત વંચાણે લીધેલ તા.૧૨.૦૮.૨૦૨૧ના જાહેરનામાથી તા.૧૯/૦૮/૨૦૨૧ ને ગુરૂવાર જાહેર રજાને બદલે તા.૨૦.૦૮.૨૦૨૧ શુક્રવાર ના રોજ મહોરમ (આશૂરા)ની રજા જાહેર કરેલ છે. જે મુજબ અત્રેની યુનિવર્સિટીમાં તા.૧૯.૦૮.૨૦૨૧, ગુરુવારના રોજ તમામ કચેરીનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

સદરહુ પરિપત્ર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૨/રજા/ ૮૫૮૨-૬૩૨ /૨૦૨૧.
તારીખ : ૧૮/૦૮/૨૦૨૧

કુલસચિવ

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૧

**જાહેરનામું**

ક્રમાંકઃ ગસ-૨૧-૨૦૨૧-જસર-૧૦૨૦૨૦-૫૦૦-ઘ- ગુજરાત સરકાર દ્વારા તા.૨૮મી ઓક્ટોબર-૨૦૨૦ના જાહેરનામાથી કેલેન્ડર વર્ષ ૨૦૨૧ માટે સરકારી કચેરીઓ તથા બેંકો માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે.

આ જાહેરનામાના ભાગ-૧ રાજય સરકારની કચેરીઓ માટેની રજાઓના ક્રમ-૧૨ આગળ દર્શાવેલ જાહેર રજા તથા ભાગ-૩ વટાઉખત અધિનિયમ (૧૮૮૧) અંતર્ગત બેંકો માટેની રજાઓના ક્રમ-૯ આગળ દર્શાવેલ જાહેર રજાઃ

"મહોરમ (આશૂરા) ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૧/ ૨૮ શ્રાવણ, ૧૯૪૩, ગુરૂવાર" ના રોજ જાહેર કરવામાં આવેલ હતી. હવે તેના સ્થાને

"મહોરમ (આશૂરા) ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૧ / ૨૯, શ્રાવણ, ૧૯૪૩, શુક્રવાર" ના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે.

તા.૧૯/૦૮/૨૦૨૧, ગુરુવારના રોજ તમામ સરકારી કચેરીઓ તથા બેંકોનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

આ હુકમો રાજય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓના કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ. ત્રિવેદી

જવલંત ત્રિવેદી
સરકારના અધિક સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

D/Darshit/Holiday.doc